## મોડાસા અને બાયડમાં કેન્ડલ માર્ચ યોજી ન્યાયની માંગ

સાબરકાંઠા જીલ્લાના ગાંભોઇ નજીક આવેલા ઢુંઢર ગામે ફેક્ટરીમાં ૧૪ માસની બાળકી સાથે પરપ્રાંતીય યુવકે દુષ્કર્મ આચરી કાદવ-કીચડમાં નોધારી નાખી દઈ અમાનવીય કૃત્ય આચરતા ઠેર ઠેર ઘેરા પ્રત્યાઘાત પડી રહ્યા છે. સાબરકાંઠામાં ૧૪ વર્ષીય બાળકી સાથે દુષ્કર્મ આચરનાર હેવાનને ફાંસીની સજાની માંગ સાથે સજ્જડ બંધ અને કેન્ડલ માર્ચ કાઢવામાં આવી હતી. અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં ક્ષત્રિય ઠાકોર સેના દ્વારા મોડાસાની રામપાર્ક સોસાયટીથી ચાર રસ્તા સુધી કેન્ડલ માર્ચ યોજી હતી. જેમાં સર્વ સમાજના પ્રજાજનો કેન્ડલ માર્ચમાં જોડાઈ ''વી વોન્ટ ફોર જસ્ટિસ''ના સૂત્રોચ્ચાર કર્યા હતા. બાયડ શહેરમાં હિન્દુ યુવા વાહિની દ્વારા કેન્ડલમાર્ચ યોજી હતી. કેન્ડલ માર્ચમાં ૧૦૦થી વધુ યુવાનો ઉપસ્થિત રહી દુષ્કર્મ આચરનાર પરપ્રાંતીય નરાધમને ફાંસીના માંચડે લટકવાવાની માંગ કરી હતી.

## ઉત્તર ગુજરાતમાં લોકોના ખિસ્સા ખંખેરતા બે પાકીટમાર ઝડપાયા

ઉત્તર ગુજરાતના ડીસા, ઉંઝા, મહેસાણા, રાધનપુર સહિતના જુદાજુદા સ્થળે લોકોની નજર ચૂકવી ખિસ્સા કાપતા બે શખ્સોને બનાસકાંઠા લોકલ ક્રાઇમ બ્રાંચની ટીમે ડીસાથી ઝડપી લીધા હતા. જેમની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

બનાસકાંઠા જીલ્લા પોલીસવડા પ્રદિપ સેજુળની સૂચનાથી એલસીબી પીઆઇ જે. એચ. સિંઘવ સહિતનો સ્ટાફ ડીસા ખાતે પેટ્રોલીંગમાં હતો. દરમિયાન જલારામ મંદિર પાસેથી પાલનપુર તારાનગર બાવરીડેરા વિસ્તારમાં રહેતા પરસોત્તમ રણછોડભાઇ બાવરી અને વિશાલ રણછોડભાઇ સલાટ શંકાસ્પદ હાલતમાં મળી આવ્યા હતા.

# મેઘરજના ગાય વાછરડા ગામના ૩૫ વર્ષીય યુવાનને સ્વાઈન ફ્લુ ભરખી ગયો

### સ્વાઇન ફ્લુમાં ત્રણ હોમાયા : મોડાસાના એક અગ્રણીને શંકાસ્પદ સ્વાઇન ફ્લુ જણાતા અમદાવાદ ખસેડાયા

મોડાસા, તા. ૩

અરવલ્લી જીલ્લામાં આરોગ્ય તંત્ર સ્વાઈન ફ્લુ અટકાવવા માટે સદંતર નિષ્ફળ રહેતા જીલ્લામાં સ્વાઈન ફ્લુ અને શંકાસ્પદ સ્વાઈન ફ્લુના દર્દીઓમાં નોંધપાત્ર વધારો થવાની સાથે મૃત્યુ અંક પણ વધી ૩ ને પહોંચતા જીલ્લા આરોગ્ય તંત્ર ઉંધા માથે પછડાયું હોય તેવું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે. અરવલ્લી જીલ્લામાં સ્વાઈન ફ્લુના ૧૦ કેસ નોંધાતા અને ૩ લોકો મોતને ભેટવાની સાથે શંકાસ્પદ સ્વાઈન ફ્લુના અસંખ્ય દર્દીઓ જિલ્લાની ખાનગી હોસ્પિટલમાં અને અમદાવાદ સારવાર અર્થે ખસેડાયા છે. મોડાસાના એક અગ્રણી યુવાનને શંકાસ્પદ સ્વાઈન ફ્લુના લક્ષણો જણાતા ખાનગી હોસ્પિટલના તબીબે તાબડતોડ સારવાર અર્થે અમદવાદ ખસેડવાનું પરિવારજનોને જણાવતા અમદાવાદ ખસેડાયા હતા.

મેઘરજના ગાય વાછરડા ગામે ૩૫ વર્ષીય યુવાનને સામાન્ય શરદી-ખાંસી અને તાવ આવતા ખાનગી દવાખાનમાં પ્રાથમિક સારવાર લીધા બાદ તબિયત લથડતા ખાનગી હોસ્પિટલના તબીબને યુવકના પરિવારજનોને યુવકને શંકાસ્પદ સ્વાઈન ફ્લુના લક્ષણો હોવાનું જણાવતા પરિવારજનો યુવકને અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયો હતો સિવિલના તબીબોએ યુવકનો એચ૧એન૧ રિપોર્ટ કરાવતા પોઝેટીવ આવતા સઘન સારવાર હાથ ધરી હતી પરંતુ યુવકને તાવ ન ઉતારતા અને શ્વાસ લેવામાં તકલીફ જણાતા વેન્ટિલેટર પર રાખવામાં આવ્યો હતો. સ્વાઈન ફ્લુ લક્ષણો ધરાવતા યુવકના બંને ફેફશા કામ કરતા બંધ થતા સઘન સારવાર કારગત ન નીવડતા યુવક

મોતને ભેટતા જીલ્લા આરોગ્ય વિભાગમાં દોડધામ મચી હતી. ગાયવાછરડા ગામે જીલ્લા આરોગ્ય કર્મચારીઓ દ્વારા સર્વેની કામગીરી હાથ ધરી હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી.

## બનાસકાંઠાને અછતગ્રસ્ત જાહેર કરવાની માંગ : ચાર ઓક્ટોબરે કિસાન રેલી

રાજ્ય સરકારે બનાસકાંઠા જિલ્લાના ચાર તાલુકાને અછતગ્રસ્ત જાહેર કર્યા છે. બનાસકાંઠામાં વરસાદ થયો નથી ત્યારે માત્ર ચાર તાલુકાઓને જ અછતગ્રસ્ત જાહેર કરાતા ખેડૂતોનો રોષ ભભૂકી ઉઠ્યો છે. ભારતીય કિસાન સંઘે પણ સરકાર સામે બાંયો ચડાવતા સમગ્ર જિલ્લાને અછગ્રસ્ત જાહેર કરવાની સાથે ખાતરનો ભાવ ઘટાડા સહિતની માંગો સાથે આગામી ૪થી ઓક્ટોમ્બરના રોજ પાલનપુર ખાતે રેલી યોજી લડતના મંડાણ કરશે.

સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં વરસાદ નથી. ત્યારે સમગ્ર જિલ્લાને અછતગ્રસ્ત જાહેર કરવાની માંગ ઉઠી છે. જે પ્રકારે ખેડૂતોને પાણી નથી મળી રહ્યું. કેનાલોમાં પાણી નથી છોડાઇ રહ્યું જેની સીધી અસર ખેડૂતોના પશુપાલન પણ અસર પડી છે. ત્યારે સમગ્ર જિલ્લાને અછતગ્રસ્ત જાહેર કરવાની માંગ ઉઠી છે. ત્યારે પેટ્રોલ ડીઝલના વધતા જતા ભાવ, ખાતરના ભાવમાં થયેલો વધારો, પાક નિષ્ફળ, જમીન ધોવાણ જેને લઈને સમગ્ર ખેડૂત આલમ પરેશાન છે. ત્યારે બનાસકાંઠાના ખેડૂતો હવે આક્રમક મૂડમાં આવ્યા છે. જેઓ સરકારી નીતિઓનો વિરોધ કરી રહ્યા છે. સરકારી બેવડી નીતિનો વિરોધ કરી રહ્યા છે. અને સમગ્ર જિલ્લાને અછતગ્રસ્ત જાહેર કરવાની માંગ કરી રહ્યા છે.

જિલ્લાના થરાદ, સુઈગામ, વાવ અને કાંકરેજ તાલુકાના અછતગ્રસ્ત જાહેર કરાતાં અન્યત્ર તાલુકાના ખેડૂતોમાં રોષ ભભૂકી ઉઠ્યો છે. અને સમગ્ર જિલ્લાને અછતગ્રસ્ત જાહેર કરવાની માંગ ઉઠી છે.જો જિલ્લાને અછતગ્રસ્ત જાહેર નહીં કરાય તો આગામી સમયમાં ઉગ્ર આંદોલનની પણ ખેડૂતોએ ચીમકી ઉચ્ચારી છે.

## ખેડબ્રહ્મા તાલુકાના દેરોલ ગામે સ્વાઈન ફ્લુએ લીધો એકનો ભોગ

### શહેર અને તાલુકો મેલેરિયા અને ફાલસિફેરમના ભરડામાં તંત્રને ધ્યાન પર આવતાં તાત્કાલિક ધોરણે ચલાવી ઝુંબેશ

ખેડબ્રહ્મા, તા. ૩

ખેડબ્રહ્મા તાલુકામાં બેવડી ઋતુના કારણે લોકો બીમારના ભરડામાં આવી ગયો છે. સમગ્ર તાલુકામાં ૬૮ જેટલા મેલેરિયાના કેસો બહાર આવ્યા છે. તાલુકા હેલ્થ ઓફિસથી મળતી વિગતો અનુસાર ખેડબ્રહ્મા તાલુકાનાં દેરોલ ગામના ૬૨ વર્ષીય વૃદ્ધને બે દિવસ પહેલા તાવની અસર થતાં સારવાર દરમ્યાન સ્વાઈન ફ્લુ આવતા સારવાર દરમ્યાન મોત નીપજયું હતું જેથી વહીવટી તંત્ર ધ્વારા તેમના અને ગામમાં અને પરીવાર ટેમિફ્લૂની દવાઓ વિતરણ કરી સર્વેલન્સ કરવામાં આવી રહ્યું છે. આ ઉપરાંત તાલુકામાંથી ૬૯ કેસ મેલેરિયાના અને ૪ ક કેસ ફેલસિફારમના ભરડામાં આવતા તાલુકો મેલેરિયાના ભરડામાં જઈ રહ્યો છે. તાલુકાના તમામ આવેલ પીએચસી સેન્ટર ઉપર તમામ ડોકટર મીત્ર હાજર રેગ્યુલર દવા કરે તેવી માગ ઉઠવા પામી છે.

## માલણની પરિણીતાને સંતાન ન થતાં આપઘાત

પાલનપુર તાલુકાના માલણ ગામની પરિણીતાને સંતાન ન થતા તેણીએ જીવનલીલા સંકેલી લેતા ચકચાર મચી જવા પામી છે. માલણ ગામમાં રહેતા તારાબેન ચંદ્રકાન્તભાઈ સોલંકીને દોઢ વર્ષના લગ્ન જીવન દરમિયાન સંતાન ન થતાં ચિંતામાં વિચારો કરતા હતા. અને વિચારવાયુના કારણે વીસ દિવસ અગાઉ એસિડ જેવું પ્રવાહી પી લીધું હતું. જેમનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું.

## લાખણીના ગેળા ગામે જિલ્લાની જીવદયા સંસ્થાઓના સંચાલકોની બેઠક

### સમગ્ર બનાસકાંઠા જિલ્લાને અછતગ્રસ્ત જાહેર કરવા માંગ : જો સરકાર હકારાત્મક અભિગમ ના અપનાવે તો ફરી આંદોલનની ચીમકી

ડીસા

બનાસકાંઠાના લાખણી તાલુકાના ગેળા ખાતે આજે બનાસકાંઠા જિલ્લાની ગૌશાળાઓ અને પાંજરાપોળના સંચાલકોની

બેઠક યોજાઈ હતી.આ બેઠકમાં સંપૂર્ણ બનાસકાંઠા જિલ્લાને અછતગ્રસ્ત જાહેર કરવા અને સરકાર તરફથી તાત્કાલિક ધોરણે સહાય કરવા ચર્ચા કરાઈ હતી.

બનાસકાંઠામાં ૧૩૬ કરતાં વધુ ગૌશાળા અને પાંજરા પોળો નોંધાયેલ છે.આ સંસ્થાઓમાં ૬૨ હજાર કરતા વધુ પશુધનની નિભાવણી કરાય છે.જોકે ૨૦૧૫ અને ૨૦૧૭ના વર્ષમાં આવેલ પુર વખતે આ ગૌશાળા અને પાંજરા પોળમાં મોટા પ્રમાણમાં આર્થિક નુકશાન થયું હતું. બાદમાં નોટબંધી અને જીએસટી બાદ જીવદયા સઁસ્થાઓને મળતા દાનની આવકમાં પણ ધરખમ ઘટાડો થઈ ગયો છે.આવી સ્થિતિમાં ચાલુ વર્ષે જિલ્લામાં નહીંવત વરસાદ થતાં અછત જેવી સ્થિતિનું નિર્માણ થયુ હોઈ પશુમાલિકો અને ખેડૂતો માટે પણ પશુઓની નિભાવણી મુશ્કેલ બન્યુ હોઈ ગૌશાળાઓ અને પાંજરાપોળ સંસ્થોમાં પશુઓની આવક વધતી જાય છે. અછતની સ્થિતિમાં પાણી અને ઘાસચારાની તંગી સર્જાતાં ઘાસચારાના ભાવ પણ આસમાને પહોંચ્યા હોઈ ગૌશાળા અને પાંજરા પોળમાં રહેલા હજારો જીવોની સંભાળ મુશ્કેલ બની છે. આવા કપરા સમયમાં જીવદયા સંસ્થાઓના સંચાલકો પાસે બીજો કોઈ માર્ગ ન હોઈ સરકાર પાસે પશુઓના નિભાવ માટે સહાયની માંગણી આ બેઠકમાં કરાઈ હતી. તાજેતરમાં સરકારે જિલ્લાના ફક્ત ચાર તાલુકાઓને જ અછત ગ્રસ્ત જાહેર કર્યા છે.જોકે અછતગ્રસ્ત જાહેર કરાયેલા તાલુકાઓમાં ૨૧૦૦૦ હાજર જેટલુ પશુધન છે જ્યારે અછત ગ્રસ્ત જાહેર ના થયેલા અન્ય તાલુકાઓમાં ૪૫૦૦૦ કરતા વધુ પશુઓ છે.ત્યારે સરકાર યોગ્ય નિર્ણય કરી સમગ્ર બનાસકાંઠા જિલ્લાને અછતગ્રસ્ત જાહેર કરે તેવી માંગણી જિલ્લાની ગૌશાળાઓ અને પાંજરાપોળ સંસ્થાઓના સંચાલકોએ કરી છે.ડીસાનીરાજપુર પાંજરા પોળના સંચાલક ભરતભાઈ કોઠારીએ જણાવ્યું હતું કે જીવદયા સંસ્થાઓમાં આશ્રિત તમામ પશુઓને જીવડવાની જવાબદારી સરકારની છે.કોર્ટ, કલેકટર અને મામલતદારના આદેશથી પણ અબોલ જીવોને જીવદયા સંસ્થાઓમાં મુકવામાં આવે છે તેમજ સ્થાનિક સ્વરાજ્યની સઁસ્થાઓ પણ ગામમા રખડતા ઢોર પકડીને પણ પાંજરાપોળને સોંપે છે.આવી સ્થિતિમાં બનાસકાંઠામાં પાણી અને ઘાસચારાની તંગી વચ્ચે સરકાર અબોલ જીવો માટે કોઈ હકારાત્મક નિર્ણય નહિ લે તો જીવદયા સંસ્થાઓના સંચાલકોને ફરી આંદોલન છેડવાની ફરજ પડશે એવી ચીમકી પણ આ બેઠકમાં અપાઈ હતી.

## પાલનપુરમાં કબ્રસ્તાન કેસ મામલે રામજી મંદિરના મહંત અનશન પર

પાલનપુર શહેરની બ્રિજેશ્વર કોલોની નજીક આવેલા કબ્રસ્તાનનો દરવાજો તોડી

પાડવાના મુદ્દે પાંચ યુવકો સામે ફરિયાદ નોંધાઈ છે. જોકે, આ ફરિયાદ ખોટી રીતે કરવામાં આવી હોવાનું અને આ યુવકોને છોડી દેવામાં આવે તેવા આગ્રહ સાથે પાલનપુર પથ્થર સડક સ્થિત રામજી મંદિરના મહંત છેલ્લા બે દિવસથી અનશન શરૂ કરી દેતા ચકચાર મચી જવા પામી છે.

પ્રાપ્ત વિગતો મુજબ, પાલનપુરમાં મહિલા મંડળ સામે આવેલા કબ્રસ્તાનનો દરવાજો બનાવવામાં આવતો હતો. જોકે, કેટલાક લોકોએ તે તોડી નાંખતા પાંચ યુવકો સામે તોડફોડ અને ડીવીઆર, સીસીટીવી લૂંટની ફરિયાદ થતાં પોલીસે તેમની અટકાયત કરી છે. જોકે, આ યુવકો નિર્દોષ હોઈ તેમને છોડી દેવામાં આવે તેવો આગ્રહ સેવતા પથ્થર સડક સ્થિત રામજીમંદિર ના મહંત શ્રી રાઘવદાસજી મહારાજ છેલ્લા બે દિવસથી અન્ન-જળનો ત્યાગ કરી આમરણાંત ઉપવાસ ઉપર ઉતરી જતાં ભારે ઉત્તેજના પ્રસરી જવા પામી છે.

આ અંગે મહંતશ્રીએ જણાવ્યું હતુ કે, સરકારને વિનંતી છે કે, યુવકો ઉપર ખોટો કેસ કરવામાં આવ્યો છે. તે તાત્કાલિક પાછો ખેંચવામાં આવે તેમજ શહેરમાં શાંતિનું વાતાવરણ જળવાઈ રહે તે માટે આમરણાંત ઉપવાસ આદર્યા છે. ભગવાનની રામધૂન પણ ચાલુ છે. જ્યાં સુધી નિર્ણય નહી લેવાય ત્યાં સુધી ઉપવાસ ચાલુ રાખીશ.

## પ્રાંતિજના ગળતેશ્વર ખાતે અબર્ટો કંપનીમાં આગ ચાંપી પથ્થરમારો

પ્રાંતિજ, તા. ૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના ગળતેશ્વર ખાતે આવેલ અબર્ટો ફેકટરીમાં પરપ્રાંતિય કામદારોને લઈને રોષે ભરાયેલ ટોળાએ આગચાપી, તોડફોડ કરી તો મજરા પાસે આવેલ ફેક્ટરીમા જઈને બિભત્સ ગાળો બોલતાં વિરોધ કરાતાં પ્રાંતિજ તથા જિલ્લા પોલીસ વડા સહિતની ટીમ દોડી આવી હતી. ગળતેશ્વર ખાતે તો ટોળાને વિખુટા પાડવાં ટીયર ગેસ સેલ છોડ્યા હતા.

હિંમતનગરના ગાંભાઈના ઢુંઢર ગામે બનેલ ૧૪ માસની બાળકી ઉપર દુષ્કર્મની ઘટનાને લઈને પર પ્રાંતિય લોકો સામે હાલ રોષ ફેલાયો છે, ત્યારે ફેક્ટરીઓમાં કામ કરતાં પરપ્રાંતિયોના વિરોધમાં પ્રાંતિજના ગળતેશ્વર ખાતે આવેલ અંબર્ટો કંપનીમાં રોષે ભરાયેલ ટોળાએ તોડફોડ સાથે આગ ચાપી હતી. પ્રાંતિજ પોલિસ સહિત જિલ્લા પોલીસ એસપી, ડીવાયએસપી, પ્રાંન્ત અધિકારી, પ્રાંતિજ મામલતદાર સહિત ઘટના સ્થળે દોડી આવ્યાં હતાં. ટોળાએ પોલીસ જીપ ઉપર પણ પથ્થર મારો કર્યો હતો. પોલીસે ટોળાને વિખુટા પાડવા ટીયર ગેસ સેલ છોડવામાં આવ્યાં હતાં. અબર્ટો કંપનીમાં પ્રવેશ કરી પથ્થરમારો કરી કંપનીના કેન્ટીનના કાચ તોડી તેમજ પ્લાસ્ટિકની ખુરશીઓ તોડી કંપનીના પ્લાન્ટમાં માલ સામાનની તોડફોડ કરી કર્મચારીઓના રહેણાંક માટે બનાવેલ પતરાની ઓરડીઓ પૈકીની ઓરડીના પતરા તોડી ઓરડીમાં સરસામાન ખાટલા તથા ગોદડામાં આગ ચાંપી આશરે બે લાખ જેટલુ નુકશાન કર્યું હતું.

## બનાસકાંઠામાં પીએસીએલ કંપનીના સંચાલકો સામે કાર્યવાહી કરવા માંગ

બનાસકાંઠામાં અનેક ક્રેડિટ સોસાયટીઓ તેમજ કંપનીઓ ઉઠી ગઈ છે. જેમાં પીએસીએલ કંપનીમાં લોકોના લાખો રૂપિયા ફસાઈ ગયા છે. આ અંગે વારંવાર રજૂઆતો કરવા છતાં નાણાં પરત કરવામાં આવતા નથી. જેનો કોર્ટમાં કેસ પણ ચાલી રહ્યો છે. ત્યારે લોકોના પૈસે વિદેશોમાં મિલ્કતો વસાવનારા કંપનીના સંચાલકો સામે પગલાં ભરવા માટેની માંગ સાથે સોમવારે મોટી સંખ્યામાં ગ્રાહકો પાલનપુર ખાતે એકત્રિત થયા હતા. જિલ્લાના પાલનપુર, વડગામ, ડીસા, ધાનેરા, થરાદ, વાવ, દિયોદર, કાંકરેજ, ભાભર, લાખણી, દાંતા, અમીરગઢ સહિતના તાલુકા મથકોએ લોકોને લોભામણી લાલચો આપી પર પ્રાંતીય ક્રેડિટ સોસાયટીઓના સંચાલકો દ્વારા એફ.ડી., રીકરીંગ સહિતના ખાતાઓ ખોલી લાખો રૂપિયા જમા કરાવવામાં આવ્યા હતા. જોકે, પાકતી મુદ્દતે આ નાણાં ગ્રાહકોને ન આપી અર્બુદા ક્રેડિટ સોસાયટી, પલ્સ, પીએસીએલ સહિતની કંપનીઓએ ઉઠમણું કરી દીધું છે.જેમાં જિલ્લાભરમાં પીએસીએલ કંપનીએ તો એજન્ટોની માયા જાળ રચી કરોડો રૂપિયા જમા લીધા હતા. જે નાણાં ફસાઈ જતા ગ્રાહકોને આજે રાતા પાણીએ રોવાનો વારો આવ્યો છે.

## પ્રાંતિજના તાજપુર અને મજરા ખાતે બજારો સજ્જડ બંધ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના તાજપુર અને મજરાના વેપારીઓ દ્વારા હિંમતનગરના ઢુંઢળની ઘટનાના વિરોધમાં બજારો સ્વયંભૂ બંધ પાડયું હતુ. હિંમતનગરના ગાંભોઇના ઢુંઢળના ભાવપુરની ૧૪ માસની બાળકી સાથે સીરામીકની ફેકટરીમાં કામ કરતા પર પ્રાંન્તીય ઇસમ દ્વારા દુષ્કર્મ આર્ચરતા તેના પડઘા પ્રાંતિજના તાજપુર તથા મજરા ખાતે જોવા મળ્યા. તાજપુર-મજરાના વેપારીઓ દ્વારા બજાર સ્વયંભૂ બંધ રાખ્યું હતું અને પકડાયેલા પર પ્રાંન્તીય ઇસમને કડકમાં કડક સજા થાય તથા ભવિષ્યમાં પણ આવી ઘટના પરિવર્તન ના થાય તે માટે તાજપુર-મજરા બજારના વેપારીઓ દ્વારા સખતમાં સખ્ત વિરોધ કરી નાનામાં નાના લારી ગલ્લાંઓથી માંડીને મોટા વેપારીઓ દ્વારા બજાર સજ્જડ બંધ પાડી વિરોધ વ્યક્ત કર્યો છે.